# આવકવેરાની ૧૦ લાખ કરદાતાઓને નોટીસ



નવી દિલ્હી,તા. ૩૦

હજુ સુધી ટેક્સ નહી ભરી રહેલા લોકો પર સકંજો મજબુત કરવા માટેની તૈયારી આવકવેરા વિભાગે કરી લીધી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આવકવેરા વિભાગના અધિકારીઓ હવે ટેક્સ નહી ભરનાર ૧૦ લાખ લોકોને નોટીસ ફટકારે તેવી શક્યતા છે. નોટીસ જારી કરવાની કામગારી હવે ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે. ટેક્સ નહી ભરનાર લોકો પર જોરદાર તવાઇ આવે તેવી શક્યતા છે. સુત્રોએ કહ્યું છે કે તેમની માહિતી રેકોર્ડના આધાર પર પહેલા યાદી તૈયાર કરી લેવામાં આવી છે. હવે તેના આધાર પર કાર્યવાહી કરવામાં આવસે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે અમારા ડેટામાં મુલ્યાંકન કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે ૧૦ લાખથી પણ ઉપરના એવા લોકો છે જે લોકોએ ટેક્સ ભર્યા નથી. આવકવેરા રિટર્ન કેમ ભરવામાં આવ્યા નથી તેની માહિતી માંગીને તેમનો જવાબ લેવામાં આવશે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે વિભાગ હવે ટેકનોલોજી પર વધારે આધાર રાખે છે. હાથ મારફતે કરવામાં આવતી જટિલ પ્રક્રિયા કરતા ટેકનોલોજીનો ઉપયોગ વધારે કરવામાં આવી રહ્યો છે.મહેસુલ વિભાગે પહેલાથી જ ૧.૭૫ લાખ હાઇ પ્રાયોરિટી વાળા કેસોમાં નોટીસ જારી કરી છે. આવા લોકો ટેક્સ ભરી રહ્યા છે કે કેમ તે અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. પત્રમાં નાણાંકીય લેવડદેવડ અંગેની પૂર્ણ માહિતી આપવામાં આવી છે. આઇટી વિભાગે કહ્યું છે કે વિભાગના રેકોર્ડના આધાર પર રિટર્ન દાખલ નહી કરનાર ઓળખી કાઢવામાં આવેલા પાન ધારકો સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે. ૪.૭ કરોડ પાન કાર્ડ ધારકોની યાદીમાં ચકાસણી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ટેક્સ વિભાગ વધુ નક્કર કાર્યવાહી કરે તેવી શક્યતા છે. ટેક્સ નહી ભરનાર લોકોને સમયસર ટેક્સ ભરવાની સુચના પણ અપાઇ છે.

## ફિલ્મ નિર્દેશક ઋતુપર્ણો ઘોષનુ કોલકત્તામાં નિધન

કોલકત્તા,તા. ૩૦

જાણીતા હિન્દી અને બંગાળી ફિલ્મોના નિર્દેશક ઋતુપર્ણો ઘોષનુ આજે સવારે પશ્ચિમ બંગાળમાં અવસાન તથા તેમના લાખો ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતું. ઋતુપર્ણો તેમની ખાસ પ્રકારની ફિલ્મો બનાવવા માટે જાણીતા રહ્યા હતા. ઋતુપર્ણોએ બંગાળી ફિલ્મોની સાથે સાથે હિન્દી ફિલ્મો પણ બનાવી હતી. એશ્વર્યા રાય બચ્ચન અને અજય દેવગનને



લઈને ઘોષે રેનકોટ જેવી ફિલ્મ બનાવી હતી. બંગાળી ફિલ્મ ચિંત્રાગદા તેમની છેલ્લી ફિલ્મ હતી. તેમને અબોહમન ફિલ્મ માટે રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો હતો. ૧૨ રાષ્ટ્રીય અને કેટલાક આંતરરાષ્ટ્રીય એવોર્ડ જીતનાર ઘોષ છેલ્લા કેટલાક સમયથી પેનક્રિયાટીસ રોગથી ગ્રસ્ત હતા. હાર્ટ અટેકના કારણે આજે સવારે ૭-૩૦ વાગે તેમનુ આવસાન થયું હતું. ૩૧મી ઓગષ્ટ ૧૯૬૩ના દિવસે તેમનો કોલકત્તામાં જન્મ થયો હતો. ફિલ્મ ઉદ્યોગમાં તેમની ખાસ પ્રતિષ્ઠા હતી. જુદા જુદા મંચ પર તેઓ ભારતનુ પ્રતિનિધીત્વ પણ કરી ચુક્યા હતા. ઘોષ કોલકત્તામાં જ જન્મ્યા અને ઉછર્યા હતા. તેમના માતાપિતા ફિલ્મો સાથે જ જોડાયેલા હતા.

તેમના પિતા દસ્તાવેજી ફિલ્મના નિર્માતા હતા. ઘોષે સાઉથ પોઈન્ટ હાઈ સ્કુલમાંથી શિક્ષણ મેળવ્યા બાદ જાદવપુર યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં આગળ વધ્યા હતા. આજે સવારે હાર્ટ અટેકનો પ્રચંડ હુમલો થયો હતો. દેશના સૌથી કુશળ અને પ્રતિભાશાળી નિર્દેશકો પૈકીના એક તરીકે તેમની ગણતરી થતી હતી. તેમને બોમ્બે ઈન્ટરનેશનલ ફિલ્મ એવોર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ માટેનો એવોર્ડ પણરેનકોટ માટે તેમને મળ્યો હતો. તેમના અવસાન અંગે તમામ લોકોએ આગાત વ્યક્ત કર્યો છે. ઘોષ બંગાળી ફિલ્મો સાથે વધારે જોડાયેલા રહ્યા હતા.

## ચેમ્પિયન્સ ટ્રોફીની મેચો દોઢ અબજ ક્રિકેટપ્રેમી નિહાળશે

નવી દિલ્હી,તા. ૩૦

આગામી સપ્તાહથી શરૂ થઈ રહેલી આઈસીસી ક્રિકેટ ચેમ્પિયન્સ ટ્રફીની મેચોને દુનિયાના ૧૮૦ દેશોના લગભગ દોડ અબજ લોકો નિહાળશે. આ આઈસીસી ક્રિકેટ ચેમ્પિયન્સ ટ્રોફીમાં દુનિયાની ટોચની



કુલ આઠ વનડે ટીમ ભાગ લેશે. આ આઈસીસી ક્રિકેટ ચેમ્પિયન્સ ટ્રોફીની સ્પર્ધા છ જૂનથી ૨૩ જુન વચ્ચે યોજાશે. આઈસીસીના મુખ્ય આયોજક ડેવિડ રિચર્ડ્સને કહ્યુ છે કે એ લોકો જે આ વર્ષે ઈંગ્લેન્ડ પહોચી શકે તેમ ન હોય તેવા લોકો માટે સ્ટાર સ્પોર્ટ્સે એક વિશેષ પ્રયાસ હાથ ધર્યો છે અને આ સ્પર્ધાની પ્રત્યેક મેચ દોઢ અબજ લોકો ઘરે બેસીને નિહાળી શકશે. આ મેચનું સીધુ પ્રસારણ સવારે થશે અને ૧૬ કોમેન્ટેટર ભાગ લેશે. જેમાં રમિશ રાઝા, સંજય માંજરેકર, સૌરવ ગાંગુલી, સુનીલ ગાવાસ્કર, વસીમ અક્રમ અને હર્ષા ભોગલે વગેરે સામેલ છે. ઈંગ્લેન્ડના કેપ્ટન નાસિર હુસૈને કહ્યુ છે કે હું આઈસીસી ચેમ્પિયન્સ ક્રિકેટ ટ્રોફી માટે સ્ટાર સ્પોર્ટ્સ કોમેન્ટેટર ટીમનો હિસ્સો બનીને રોમાંચ અનુભવી રહ્યો છુ. મને વિશ્વાસ છે કે આની કવરેજ ખુબજ શાનદાર અને ભવ્ય રહેશે. મને ખુશી છે કે દુનિયાના ટોચની આઠ ટીમ ઈંગ્લેન્ડ અને વેલ્સમાં છે. માહોલ ખુબજ ગરમાગરમ છે.

## મોટા નક્સલી નેતાને ટાર્ગેટ બનાવવાની રણનીતિ તૈયાર

નવી દિલ્હી,તા. ૩૦

છત્તીસગઢના સુકુમામાં નક્સલવાદીઓના હત્યાકાંડથી બોધપાઠ લઈને સરકાર હવે નિર્ણાયક કાર્યવાહી કરવાની દિશામાં વિચાર કરી રહી છે. અલબત્ત આના માટે પૂરતા પ્રમાણમાં સુરક્ષાદળ ન હોવાના કારણે હાલમાં રાહ જોવાની ફરજ પડી રહી છે. હાલ




કેન્દ્રિય ગૃહમંત્રાલય નક્સલવાદીઓની સામે અભિયાનની રણનીતિ બદલવાની તૈયારીમાં છે. નવી રણનીતિ હેઠળ નક્સલવાદીઓના ક્ષેત્રમાં સુરક્ષા સંસ્થાઓનો ભાર મોટા નક્સલવાદી નેતાઓને ટાર્ગેટ બનાવવોના રહેશે. કેન્દ્ર સરકારે દેશના સૌથી વધારે નક્સલવાદીગ્રસ્ત ત્રણ ક્ષેત્રોમાંથી હાલ બસ્તરમાં વધારે ધ્યાન કેન્દ્રિત કરવાના મૂડમાં છે. એટલે કે ઝારખંડના લાતેહાર અને ઓરિસ્સામાં કોરાપુત-મલકાનગીરીમાં હાલ સામાન્ય કાર્યવાહી ચાલતી રહેશે. ગૃહમંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે નક્સલવાદી કેમ્પ પર કાર્યવાહી કરવાના બદલે અમારો મુખ્યઉદ્દેશ્ય દરભાખીણ હુમલાના માસ્ટર માઈન્ડને પકડી પાડવાનો છે. આ હુમલાના મુખ્યસુત્રધાર માઓવાદીઓના પોલીટ બ્યુરોના સભ્ય કટકમ સુદર્શન અને સેન્ટ્રલ કમિટીના સભ્ય થિપ્પારી તિરૂપતિને ગણવામાં આવે છે. ગુપ્તચર સંસ્થાઓને કટકમ સુદર્શનનો પત્ર હાથ લાગ્યો છે. હુમલા પહેલા પોતાના કેડરોને મોકલવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યુ છે કે હાલ હતાશા છે. ગૃહ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા મુજબ સુરક્ષાદળોના ચારેબાજુથી હુમલા અને નકસલવાદીઓની શરણાગતિથી હતાશ થયેલા કેડરોના આત્મવિશ્વાસને વધારવા માટે રાજ્ય કોંગ્રેસના મોટા નેતાઓને હાલમાં ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. અર્ધ લશ્કરીદળોની સંખ્યાને વધારવાની સાથે સાથે મોટા નક્સલી લીડરો અંગે માહિતી એકત્રિત કરવા પર વધુ ધ્યાન અપાશે.નકસલવાદ સામે ઘણા રાજ્યોમાં વર્ષોથી ઝુંબેશ ચાલી રહી હોવા છતાં નક્સલવાદના દુષણને રોકવામાં સફળતા મળી નથી.

## ટુજી સ્પેક્ટ્રમ કેસ : તમામ આરોપીને નોટિસ અપાઈ

નવી દિલ્હી,તા. ૩૦

દિલ્હી કોર્ટે ટુજી સ્પેક્ટ્રમ કેસમાં તમામ આરોપીઓને આજે નોટિસ ફટકારી હતી અને રિલાયન્સ એડીએજી ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી અને તેમના પત્નિ ટીના અંબાણી સહિત ૭૦ વધુ પ્રોસિક્યુશન સાક્ષીઓને બોલાવવાની માંગ કરીને સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ત્રીજી જુલાઈ સુધી તેમના જવાબ આપવા આદેશ કર્યો છે. સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સૈનીએ આ નોટિસ જારી કરી હતી. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર યુયુ લલિતે કોર્ટ સમક્ષ કહ્યુ હતુ કે વાસ્તવિકતા સુધી પહોંચવા તેમની જુબાની ખૂબ જરૂરી છે. જેથી ઓપી સૈનીએ તમામ આરોપીઓને હવે નોટિસ જારી કરી છે. ત્રીજી જુલાઈ સુધી જવાબ આપવા માટે તમામને સૂચના આપવામાં આવી છે. સુનાવણી દરમિયાન લલિતે કોર્ટમાં કહ્યુ હતુ કે તેમના નિવેદનની નોંધણી કરવા માટે આ સાક્ષીઓને બોલાવવાની બાબત મહત્વપૂર્ણ છે. તેમણે કોર્ટમાં એમ પણ કહ્યુ હતુ કે બેંકો પાસેથી મળેલા નાણાંના લેવડદેવડના સંબંધમાં કેટલાક દસ્તાવેજોમાં વધુ ચકાસણી જરૂરી છે. કેસમાં સાક્ષી તરીકે અનિલ અંબાણીને બોલાવવાની માંગના સંબંધમાં લલિતે કહ્યુ હતુ કે રિલાયન્સ એડીએજીના વડા તરીકે તેમની જુબાની જુદી જુદી કંપનીઓ વચ્ચે નાણાંની લેવડદેવડના સંબંધમાં ખૂબ જરૂરી છે. કેસમાં સાક્ષી તરીકે ડોટના અધિકારી નીતિન જૈનને બોલાવવાની પણ માંગણી કરી છે.

## ધરપકડ પહેલા વિન્દુ અને શ્રીસંતની સાથે જ શોપિંગ

નવી દિલ્હી,તા. ૩૦

ઈન્ડિયન પ્રિમિયર લીગ-૬માં સ્પોટ ફિક્સિંગના મામલે ઝડપાઈ ગયેલા રાજસ્થાન રોયલ્સના બોલર શ્રીસંતના અભિનેતા વિન્દુ દારાસિંહ સાથે પણ નજીકના સંબંધ હોવાની વિગત હવે સપાટી પર આવી છે. મળેલી માહિતી મુજબ ધરપકડ કરવામાં ાવી તે પહેલા શ્રીસંત અને વિન્દુએ સાથે મળીને શોપિગ કરી હતી. બન્ને ખરીદી કરતી વેળા સીસીટીવીમાં કેદ થઈ ગયા હોવાની માહિતી મળી છે. ૧૫મી મેની રાત્રે ૨.૩૦ વાગ્યાની આસપાસ રાજસ્થાન રોયલ્સના શ્રીસંતની મુંબિની કાર્ટન રોડ સ્થિત એક હોટેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તોની ધરપકડના બે દિવસ પહેલા શ્રીસંત મુંબઈમાં અભિનેતા દારાસિંહના પુત્ર વિન્દુને મળ્યો હતો. તેમની વચ્ચે મુલાકાત એક મોલમાં થઈ હતી. ત્યા સાથે મળીને આ બન્નેએ ખરીદી કરી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે સીટીટીવીના ફોટાઓ પોતાના કબજામાં લિને વધુ તપાસ હાથ ધરી છે. બન્નેની મુલાકાતથી એવી શંકા પ્રબળ બની રહી છે કે સ્પોટ ફિંકસગના મામલે આ બન્ને પણ એકબીજા સાથે જોડાયેલા હતા. બીજી બાજુ આવી કોઈ પણ પ્રકારની માહિતી હોવાનો સ્પેશિયલ સેલના સ્પેશિયલ કમીશનર એસએન શ્રીવાસ્તવે ઈન્કાર કર્યો છે. બીજી બાજુ હવે શ્રીસાંતના મિત્ર અભિષેકની ધરપકડ કરવામાં આવી ચુકી છે. અભિષેક શુક્લા પર આક્ષેપ છે કે શ્રીસંતની ધરકડ કરવામાં આવ્યા બાદ આ શખ્સે જ મુંબઈ સ્થિત એ હોટેલમાંથી ડીલની રકમ અને અન્ય ચીજવસ્તુઓ દુર કરી દીધી હતી. પોલીસની ટીમ હવે અભિષેકને લઈને બુધવારે મુંબઈ માટે રવાના થઈ હતી. આજે વધુ તપાસ મુંબઈમાં જારી રહી હતી. સુત્રોએ એમ પણ કહ્યું છે કે શ્રીસંતની ધરપકડ કરવામાં પોલીસે ઉતાવળ કરી હતી સેલને એવી શંકા હતી કે મુંબઈ પોલીસને માહિતી મળી ચુકી છે. જેથી શ્રીસંતના હોટેલ રૂમમાં પોલીસ ખુબ મોડેથી પહોંચી હતી. શ્રીસાંતની ધરપકડ અંગે જાણ અભિષેકને કઇ રીતે થઈ તેમાં તપાસ કરવામાં આવી રહી છે. શ્રીસંત અને વિંદુ બંને હાલ પોલીસ સકંજામાં આવી ચુક્યા છે.

## સમાચાર ઝલક

- માઓવાદીઓ વધુ હુમલા કરવા આક્રમક મૂડમાં.
- દેશમાં ક્રિકેટ સટ્ટાને કાયદેસર કરાય તો દેશભરનો શિક્ષણ ખર્ચ ૨૦,૦૦૦ કરોડ નીકળી જાય.
- ભારત-જાપાનની મૈત્રી ચીનને પસંદ નથી.
- અનેક બોલ્ડ સીન આપવા છતાં વીના મલિકની ફિલ્મો ફ્લોપ રહી.
- છેલ્લા સપ્તાહમાં શાકભાજીના ભાવમાં ૨૫ %નો ભાવ વધારો, ગૃહિણીઓનું બજેટ ખોરવાયું.
- શેત્રુંજય પર્વત પર ચઢાવાની બોલી બાબતે મારામારી.
- હવે લાંબા અંતરની ફ્લાઇટમાં પાઇલોટને રાહત થશે.
- જૂન-જૂલાઇમાં લગ્નનાં ૬ જ મુહૂર્ત, તે પછી દેવદિવાળી પછી જ શુભ તારીખો.
- બળાત્કારના આરોપીઓના નામ હિમાચલ સરકારે નેટ પર મુક્યા.
- આજે તમાકુ વિરોધી વિશ્વ દિન મનાવાશે.
- ગાંધીનગર ખાતે વેલનેસ ડ્રિકનું ઉત્પાદન થશે, દવે ગ્રુપનું સાહસ.
- હવે ઓનલાઇન આઈ.ટી. રીટર્ન્સ ભરવું સહેલું.
- આપનું મોબાઇલ બીલ વધશે, તમામ મોબાઇલ કંપનીઓ એક માસમાં ભાવ વધારશે.
- ધોરણ-૧૨ કોમર્સનું પરિણામ તા.૩જી જૂને, વિજ્ઞાનપ્રવાહ અને બીજા સેમેસ્ટરનું પરિણઆમ તા. ૧૦મી જૂને.
- તિહાર જેલમાં શ્રીસંત સહિતનાં ક્રિકેટરોને વીઆઈપી સગવડો!
- મલ્લિકા શેરાવતને અશ્લીસ નૃત્ય કરવા બાબતે વડોદરા કોર્ટે ૨૪મી જૂને હાજર થવા હુકમ કર્યો.
- થાનગઢનો રીપોર્ટ સરકારને સોંપાયો, ત્રણ દલિતોનાં મોત થયા હતા.
- વિશ્વમાં માંગ ઘટવાથી એરંડાના ભાવોમાં ભારે ધોવાણ.
- આણંદ નજીક ઉમરેઠમાં બોંબ જેવો બ્લાસ્ટ થતાં ખળભળાટ.
- આજે પણ દીકરીને વળાવવાનો ખર્ચ દીકરાના લગ્ન કરતાં મોંઘો.
- ૧૦૦૦ રૂપિયાનો નવો મોબાઇલ, મહિનામાં માત્ર એક જ વખત ચાર્જ કરવો પડશે !
- નવસારીમાં ભજિયાં વેંચનારનો સુપુત્ર ન્યાયાધીશ બન્યો.
- અમદાવાદ-મુંબઇ વચ્ચે બુલેટ ટ્રેન યોજનાનો આખરી અહેવાલ તૈયાર.
- ૭મી જૂનથી ૨૧ જૂન દરમિયાન ચોમાસાનો વિધિવત પ્રારંભ : જ્યોતિષીઓની આગાહી.

## દેશમાં ફાઈવ જીની સેવાને લઇ ચર્ચાનો દોર શરૂ થયો

નવી દિલ્હી,તા. ૩૦

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ટેલિકોમ યુનિટ ભારતમાં ફોરજીને કઇ રીતે પ્રોત્સાહન આપશે તેના પર ટેલિકોમ ઉદ્યોગની હાલમાં નજર છે ત્યારે ટેલિકોમ વિભાગમાં નિતી નિર્માતાઓ વચ્ચે ૫જી સેવાની ચર્ચા પણ શરૂ થઈ ચુકી ચે. હાલમાં ૫જી ટેકનોલોજી દુનિયાભરમાં શરૂઆતી તબક્કામાં છે. આના અંગે એમ કહેવામાં આવે કે આ સેવા ફોર્થ જનરેશન કરતા ૧૦૦ ગણી વધારે ઝડપી રહેશે. નિષ્ણાંતોનો દાવો છે કે ૫જીમાં ડેટા ટ્રાન્સફરની ઝડપ એટલી જ રહેશે તો ચાર જીબીના ડીવીડી ક્વાલિટી વિડિયો માત્ર ૩૦ સેકન્ડમાં ડાઉનલોડ થઈ જશે. એક અગ્રણી અગ્રેજી અખબારને મળેલી માહિતી મુજબ ડીઓટીના વરિષ્ઠ અધિકારીઓએ ડેટાને ૫જી ઝડપથી ટ્રાન્સફર કરવામાં ૬ ગીગા હર્ટઝથી વધારાના અલ્ટ્રા હાઈ એન્ડ સ્પેક્ટ્રમ બેન્ડસના વાણિજ્યકરણની ક્ષમતાની માહિતી મેળવવા માટે દક્ષિણ કોરિયામાં આયોજિત કરવામાં આવેલી વૈશ્વિક ટેલિકોમ બેઠકમાં ભાગ લીધો હતો.

વિભાગના એડિશનલ સેક્રેટરી (ટેલિકોમ) રીતા તેવતિયાએ કહ્યું છે કે ભારત માટે વાયરલેસ બ્રાડબેન્ડના મહત્વને ધ્યાનમાં લઈને દક્ષિણ કોરિયા સહિત અનેક દેશ ૫જી ટેકનોલોજી માટે ૧૩ ગીગા હર્ટઝ, ૧૮ ગીગા હર્ટઝ, ૨૭ ગીગા હર્ટઝ જેવા બેન્ડની શક્યતા ચકાસી રહ્યા છે. તેવતિયાએ આ મહિનામાં જ વૈશ્વિક ટેલિકોમની બેઠકમાં ભારતનુ પ્રતિનિધીત્વ કર્યું હતું. કાર્યક્રમનુ આયોજન દક્ષિણકોરિયાના ટેલિકોમ ટેકનોલોજી એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું. અહીં દુનિયાભરમાં ૫જી મોબાઈલ સિસ્ટમમાં મોટા પાયે શોધને મહત્વ આપવામાં આવી રહ્યું છે.હાલમાં ૫જી માટે કોઈ આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ તૈયાર થયા નથી. પરંતુ દક્ષિણ કોરિયા ૫જી મોબાઈલ સિસ્ટમ મામલે લીડરશીપ રોલમાં છે. આ ટેકનોલોજી મારફતે ૧૦૦૦ મેગાબીટ પ્રતિ સેકન્ડના દરે ડેટા ટ્રાન્સફર કરી શકાશે.ભારતમાં પણ હિલચાલ આને લઈને શરૂ થઈ છે .

## શાહરૂખને હોસ્પિટલથી રજા આપી દેવામાં આવી

મુંબઈ,તા. ૩૦

બોલિવુડના મેગાસ્ટાર અભિનેતા શાહરૂખખાનને બુધવારે મોડી રાત્રે લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. મંગળવારના દિવસે તેના પર પર સફળ સર્જરી કરવામાં આવી હતી. ખભાની સર્જરી સફળ રહી હોવાનો દાવો તબીબોએ કરતા તેના ચાહકોને રાહત થઈ હતી. મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં શાહરૂખ પર સર્જરી કરવામાં આવી ત્યારે તેની સાથે પરિવારના સભ્યો હતા. સર્જરી આશરે બે કે ત્રણ કલાક સુધી ચાલી હતી પરિવારના નજીકના સુત્રોએ કહ્યું છે કે આ તે બિલકુલ સ્વસ્થ છે અને વાતચીત પણ આરામથી કરી રહ્યો છે. શાહરૂખને હજુ થોડાક દિવસ સુધી આરામ પર રહેવુ પડશે. સોશિયલ નેટવર્ક પર સર્જરી અંગે તેના ચાહકોને શાહરૂખના નજીકના મિત્રે સતત માહિતી આપી હતી.

શાહરૂખ પર સર્જરી કરવામાં આવ્યા બાદ આમીરખાન પર સર્જરી કરાવે તેવી શક્યતા છે. બોલિવુડના ત્રણેય ખાન કોઈને કોઈ તકલીફનો સામનો કરી રહ્યા છે . એકબાજુ સલમાન ન્યુરો તકલીફનો સામનો કરી રહ્યો છે. સલમાન એકવખત અમેરિકામાં ચહેરા પર સર્જરી કરાવી ચુક્યો છે. સલમાન ટુંક સમયમાં ફરી સર્જરી કરાવનાર છે. શાહરૂખ છેલ્લા કેટલાક સમયતી સર્જરી કરાવવા માટે વિચારી રહ્યો હતો. પરંતુ આ સર્જરી સતત વ્યસ્ત કાર્યક્રમના કારણે ટળી રહી હતી. તે તેની ફિલ્મ ચેન્નાઇ એક્સપ્રેસના શુટિંગમાં વ્યસ્ત હતો.

## બજારમાં ફરી તેજી : નિફ્ટી ૬૧૦૦થી ઉપરની સપાટીએ

મુંબઈ,તા. ૩૦

શેરબજારમાં આજે કારોબારના અંતે તેજી રહી હતી. સેન્સેક્સ ૬૮ પોઈન્ટ સુધરીને ૨૦૨૧૫ની ઉંચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૦ પોઈન્ટ સુધરીને ૬૧૨૪ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બંને સુધારા સાથે બંધ રહેતા કારોબારમાં તેજી રહી હતી. એફએમસીજીની મોટી કંપની આઈટીસી તથા પસંદગીના ઓટો શેરમાં લેવાલી જામી હતી. બીજીબાજુ વૈશ્વિક બજારો દબાણ હેઠળ રહ્યા હતા. યેન સામે ડોલરમાં કડાકો બોલાયો હતો. બ્રોડર માર્કેટમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ કારોબાર રહ્યો હતો જેથી તેની સપાટી ૬૪૭૫ રહી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨૧ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સાપટી ૬૦૩૮ રહી હતી. મોટા ભાગના સેક્ટરલ ઈન્ડેક્સમાં આજે મંદી રહી હતી. બીએસઈ રિયાલિટી ઈન્ડેક્સમાં ૨.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સમાં ૧.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઓઈલ એન્ડ ગેસમાં ૦.૭ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૮૮૯૫ રહી હતી. કેપિટલ ગુડ્સ, મેટલ અને બેકેક્સમાં મંદી જોવા મળી હતી. જો કે કેટલાક ઈન્ડેક્સમાં તેજી પણ રહી હતી જેમાં ઓટો ઈન્ડેક્સમાં ૨.૩ ટકાનો સુધારો થયો હતો. પાવર સેક્ટરમાં પણ તેજી જોવા મળી હતી. તાતા મોટર્સમાં ૪.૩ ટકાનો સુધાર રહ્યો હતો. અન્ય ઘણા શેર પણ આજે તેજીમાં રહ્યા હતા. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં ૪.૬ ટકાનો સુધાર થતા તેના શેરની કિંમત ૧૦૦૫ નોંધાઈ હતી. વિશ્વની સૌથી મોટી ટ્રેક્ટર બનાવતી કંપનીના વેચાણમાં હાલ વધારો થયો છે. આ નાણાંકીય વર્ષમાં ચોથા ત્રિમાસિક ગાળામાં પ્રોફિટ ૮૮૯ કરોડ રહ્યો છે. એચડીએફસી, તાતા પાવરમાં પણ સ્થિતિ સારી રહી હતી.

## યોગ ગુરૂ વિક્રમ ચૌધરી પર બળાત્કારનો આરોપ

વોશિંગ્ટન,તા.૩૦

વિશ્વનો સૌથી અમીર ગણાતો યોગ ગુરૂ વિક્રમ ચૌધરી હાલમાં વિવાદોમાં ફસાયો છે. વિક્રમ ચૌધરી પર તેની બો શિષ્યાઓએ બળાત્કાર ગુજાર્યોનો આરોપ લગાવ્યો છે. આ મામલે લોસએન્જલસ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.

આ પહેલાં પણ યોગ ગુરૂ વિક્રમ ચૌધરી પર તેની જ એક યુવાન શિષ્યાએ દુષ્કર્મ કર્યું હોવાનો આરોપ લગાવ્યો હતો જેના કારણે અમેરિકામાં સનસનાટી મચી ગઈ હતી. સારા બોન નામની એક મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, ૨૦૦૭માં વિક્રમ ચૌધરીએ રાત્રિ ભોજન બાદ તેને સેક્સ માટેની ઓફર કરી હતી અને ૨૦૦૮માં વિક્રમે ફરી સારાને તેની હવસનો શિકાર બનાવવાની કોશિષ કરી હતી.

આમ યોગ ગુરૂ વિક્રમ ચૌધરીનું પાખંડ દુનિયા સામે આવ્યું છે. સમગ્ર અમેરિકામાં તેનાં અનુયાયીઓમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. આજે તેની વિરુદ્ધ દાખલ થયેલા કેસની સુનાવણી હાથ ધરવામાં આવશે.

**છત્તીસગઢ વિધાનસભા ચૂંટણી**

## ભાજપની હેટ્રિકની આશા પર પાણી ફરી શકે છે !!!!

રાયપુર,તા.૩૦

છત્તીસગઢનાં સુકમા જિલ્લામાં કોંગ્રેસી નેતાઓ પર થયેલાં નકસલી હુમલાનાં કારણે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની જીત પર હેટ્રિક સર્જવાની આશા પર પાણી ફરી વળી શકે તેમ છે. ભાજપનાં સિનિયર નેતાઓ ગણગણાટ કરતાં કબુલી રહ્યા છે કે, વિધાનસભા ચૂંટણીના થોડા સમય પહેલાં જ બનેલી આ ઘટના કોંગ્રેસ પ્રત્યે સહાનુભૂતિ વધારશે ઉપરાંત પડોશી રાજ્ય મધ્યપ્રદેશનાં ચૂંટણી પરિણામોને પણ આ ઘટના પ્રભાવિત કરી શકે તેમ છે. નક્સલી હુમલામાં આદિવાસી નેતા મહેન્દ્ર કર્માની નિર્મમ હત્યાની અસર છત્તીસગઢનાં સીમાડાથી મધ્યપ્રદેશનાં આદિવાસી વિસ્તારોમાં પણ પડવાની સંભાવના છે. ભાજપ હવે સ્વીકારી રહી છે કે, છેલ્લાં નવ વર્ષથી સ્વચ્છ છબી ધરાવનારા મુખ્યમંત્રી રમણસિંહની છબી અચાનક દાગવાળી બની ગઈ છે. બીજીતરફ કોંગ્રેસ આ ઘટના બાબતે ચૂંટણીમાં લોકોની સહાનુભૂતિ મેળવવા અને તેને વોટમાં બદલવા માટે ફુલપ્રુફ રણનીતિમાં લાગી ગઈ છે.

ભાજપની યોજના આ વર્ષે પણ રાજ્યમાં સસ્તા ચોખા જનતાને ઉપલબ્ધ કરાવીને ચાવલ વાલે બાબા બનેલાં રમણસિંહની છબીને વધુ મજબૂત કરવાની હતી. છેલ્લાં ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન રમણસિંહ વિરુદ્ધ એકપણ મુદ્દો ન મળવાના કારણે કોંગ્રેસ પરેશાન હતી અને ભાજપ જીતની હેટ્રિક લગાવવા માટે આત્મવિશ્વાસ ધરાવતી હતી પરંતુ નકસલી હુમલાને કારણે બંને પક્ષના રાજકીય સમીકરણો બદલાઈ ગયા છે.